**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**શાહીબાગ, અમદાવાદ–380 003**
**સ્વાધ્યાય કાર્ય – 1**
**પાઠયક્રમ કોડ : AFW-01**

**ઓગષ્ટ–2005**

**સ્વાધ્યાય કોડ : AFW-01/AST-1/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 09/04/2006**
**કુલ ગુણ : 100**

**1.** રૂપક વાર્તાકથનના રૂપમાં લખાવું જોઈએ અને એમાં ચોક્કસ રસ તત્ત્વ હોવું જોઈએ.–આ વિધાનની 500 શબ્દોમાં ચર્ચા કરો. **[10]**

**2.** રૂપક અને સમાચાર લેખની વચ્ચે પાયાના તફાવતો કયા છે? યોગ્ય ઉદાહરણની મદદથી સમજાવો. **[10]**

**3.** તમે કોઈ પણ અખબાર કે સામયિકમાંથી એક રૂપક વાંચો. એની લાક્ષણિકતાઓની 200 શબ્દોમાં ચર્ચા કરો. તમે જે રૂપક વાંચ્યું હોય એની ફોટોકોપી સાથે સામેલ કરો. તમારા રસના વિષય પર એક રૂપક લખો. **[10]**

**4.** ખુશવંતસિંહની કટાર 'વિથ મેલાઈસ ટોવર્ડ્સ વન એન્ડ ઓલ' ની મહત્ત્વની લાક્ષણિકતાઓ જણાવો.આ કરાર હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રસિદ્ધ થાય છે. (150 શબ્દોમાં) લગભગ 200 શબ્દોમાં એક કરાર લખવાનો પ્રયત્ન કરો. **[10]**

**5.** તમને ગમતી વ્યકિતનું વ્યકિતચિત્ર 600 શબ્દોમાં લખો. **[10]**

**6.** પુસ્તક સમીક્ષા શું છે અને સારા પુસ્તક–સમીક્ષાનાં લક્ષણો શું છે? તમે તાજેતરમાં વાંચેલા પુસ્તકથી સમીક્ષા લખો. (300 શબ્દોમાં) **[10]**

**7.** કોઈ એક શૈક્ષણિક સંસ્થાના વડાની એ સંસ્થાના ઈતિહાસ, હેતુઓ અને સિદ્ધિઓ તથા એની સમક્ષના પ્રશ્નો અંગે મુલાકાત લો. એ પણ જાણો કે શૈક્ષણિક સંસ્થાના વડાએ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ પૂરું પાડવા માટે કેવાં પગલાં લીધાં છે? **[10]**

**8.** બાળકો માટે લખતી વખતે કઈ કઈ બાબતો મનમાં રાખવી જોઈએ? 200 શબ્દોમાં જવાબ આપો. બાળકો માટે વાર્તાસ્વરૂપનું એક રૂપક 500 શબ્દોમાં લખો. **[10]**

**9.** ખેડૂતો માટે જુદા જુદા પ્રકારનાં રૂપકો કયાં છે? 300 શબ્દોમાં સમજાવો. ગ્રામીણ મહિલા માટે મહત્ત્વના હોય એવા મુદ્દા પર એક રૂપક લખો. **[10]**

**10.** 'સ્ત્રીઓ અને આરોગ્ય' વિષે 600 શબ્દોમાં એક રૂપક લખો. **[10]**

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**શાહીબાગ, અમદાવાદ–380 003**
**સ્વાધ્યાય કાર્ય – 2**
**પાઠયક્રમ કોડ : AFW-01**

**ઓગષ્ટ–2005**

**સ્વાધ્યાય કોડ : AFW-01/AST-2/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 07/05/2006**
**કુલ ગુણ : 100**

**1.** પ્રવાસ લેખનના જુદા જુદા પ્રકારો કયા છે? એ દરેકનું ઉદાહરણો આપીને વર્ણન કરો. **[10]**

**2.** સંવેદનશીલ કોમી મુદ્દાઓ વિષે લખવામાં તટસ્થતા (નિરપેક્ષતા) કેટલી મહત્ત્વની છે?(100 શબ્દોમાં) ભારત માટે સમાન નાગરિક ધારો જરૂરી છે? **[10]**

**3.** તમારા મતે સાંસ્કૃતિક રૂપકથી રચનામાં કયા મુદ્દાઓ આવે છે? (100 શબ્દોમાં)સાંસ્કૃતિક રૂપકમાં પરંપરા કે પ્રણાલિકા કેવી ભૂમિકા ભજવે છે?(100 શબ્દોમાં) **[10]**

**4.** આર્થિક –લેખન શું છે? (50 શબ્દોમાં) આર્થિક લેખન (રૂપક) ના કેટલા પ્રકારો છે. દરેકનું ટૂંકમાં વર્ણન કરો. (150 શબ્દોમાં) **[10]**

**5.** પ્રવાસ પુસ્તિકા (Brochure) અને રાષ્ટ્રીય દૈનિકની રવિવારની આવૃત્તિમાં પ્રસિદ્ધ કરવા માટેના પ્રવાસલેખ વચ્ચે શું તફાવત છે? ઉદાહરણ સહિત સમજાવો. (200 શબ્દોમાં) **[10]**

**6.** ક્રિકેટ જગતના બે આંતરરાષ્ટ્રીય ધુરંધરોની સરખામણી કરો.(100 શબ્દોમાં) તમારો મનપસંદ ક્રિકેટર કોણ છે અને શા માટે છે? (100 શબ્દોમાં) **[10]**

**7.** સામાન્ય રીતે એવું જોવા મળે છે કે ચોમાસામાં સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન મોડેથી જાગે છે. અને ત્યાં સુધીમાં ઘણું બધું નુકશાન થઈ ચૂક્યું હોય છે. વરસાદથી ઋતુમાં ઉભરાતાં નાળા અને પાણીથી ઠપ થઈ જતા રસ્તાઓની કાળજી લેવા મ્યુનિસિપલ તંત્ર સજાગ અને તટસ્થ રહે એ માટેનાં સૂચનો કરો. (200 શબ્દોમાં) **[10]**

**8.** સરકારની રમતગમત નીતિ શું છે? (50 શબ્દોમાં) તમે એમાં કેવાં સૂચનો કરવા વિચારો છો? શાથી?
(150 શબ્દોમાં) **[10]**

**9.** એઈડ્સનો ઉપચાર દૂર જ રહયો છે. ટિપ્પણી કરો. સાથે સાથે જ એઈડ્સથી મૃત્યુ પામી હોય એવી કેટલીક જાણીતી હસ્તીઓના નામો આપો. (200 શબ્દોમાં) **[10]**

**10.** કલ્પના કરો કે તમે એક રાષ્ટ્રીય અખબારના રમતગમતનાં સંવાદદાતા છો. તમે ક્રિકેટ મેચ અથવા ફૂટબોલ મેચનું વૃત્તાંત કેવી રીતે લખશો? તમારા ઉત્તરને ઉદાહરણ સાથે પુષ્ટ કરો. (200 શબ્દોમાં) **[10]**